ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ભાષા અર્થગ્રહણનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**ડૉ.જયશ્રી એન.ગુર્જર**

આસિસ્ટન્ટ પ્રોફેસર,

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

૧. પ્રસ્તાવના

શિક્ષણ આજીવન ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ મનુષ્યની જન્મજાત શક્તિઓના સ્વભાવિક અને સામંજસ્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે છે. વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ કરે છે. વ્યક્તિ સમાજમાં રહીને સમાજના માનવ વ્યવહારો કરે છે.

ભાષા મનોભાવોની અભિવ્યક્તિનું સર્વેશ્રેષ્ઠ માધ્યમ છે. જેના અભાવ થી માનવ પશુ તુલ્ય છે. ભાષા વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય વિકાસ માટે સંજીવની છે.**પટેલ અને ઉપાધ્યાય** (૧૯૯૪)ના જણાવ્યા મુજબ,

> **“ માતૃભાષા બાળકની હાલરડાની ભાષા છે. આ સહજ જ્ઞાનજનની ભાષા છે. માતૃભાષાથી બાળકની સમસ્ત સંકલ્પનાઓ વિકસિત થાય છે. ”**

વાંચન એ અર્થઘટન તર્ક અને માનસિક રીતે ઝીણવટભરી સક્રિય પ્રક્રિયા છે. વાંચનની વ્યાખ્યા આપતા, **પરમાર** (૨૦૦૦) જણાવે છે કે,

> **“ સંજ્ઞાઓ અને અવાજોને જોઈ તેનું અર્થઘટન કરવાની શક્તિને વાંચનશક્તિ કહે છે. ”**

☐ **વાંચનના બે પ્રકારો :**

૧) **મુખવાંચન :**

મોટેથી સસ્વર ઉચ્ચારણ સાથેનું વાંચન

૨) **શાંતવાંચન :**

ઉચ્ચાર વિનાનું અર્થગ્રહણ મુક વાંચન

ગુજરાતી ભાષા માટે વાંચન ઝડપ, અર્થગ્રહણ માપતી કસોટીઓ પ્રમાણિત થઈ છે. પણ ગુજરાતી ભાષા ની ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની ગુજરાતી ભાષા અર્થગ્રહણનો અભ્યાસ થયો નથી. આથી અભ્યાસિકાએ આ ક્ષેત્રમાં વધારે અભ્યાસ અને ઊંડાણ અર્થે પોતાના સંશોધન અભ્યાસ માટે ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા અર્થગ્રહણ અભ્યાસ કરવાનું નક્કી કર્યું હતું.

## ૨. સમસ્યાકથન

ચીવટપૂર્વક સ્પષ્ટ કરેલ સમસ્યા વિના કોઈ સંશોધનનો અર્થ નથી. સંશોધનનો વિષય કે ક્ષેત્ર જુદી વસ્તુ છે અને ચીવટપૂર્વક સ્પષ્ટ કરેલ સમસ્યા અલગ બાબત છે. તેથી પ્રસ્તુત અભ્યાસની સમસ્યાને નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

**માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના ભાષા અર્થગ્રહણનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ**

**૩. ચાવીરૂપ શબ્દો :** અર્થગ્રહણ

## ૪. અભ્યાસના હેતુઓ

અભ્યાસિકાએ આ અભ્યાસ માટે નીચેના હેતુઓ નક્કી કર્યા હતા.

૧. માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓ માટે ગુજરાતીભાષા માં વાંચન અર્થગ્રહણ કસોટીની રચના કરવી.

૨. માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા અર્થગ્રહણ ઉપર વિસ્તારની અસર તપાસવી.

૩. માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા અર્થગ્રહણ ઉપર જાતિની અસર તપાસવી.

## ૫. અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ચલો ધ્યાનમાં લીધા હતા.

૧) **વિસ્તાર** → પૂર્વ, પશ્ચિમ

૨) **જાતિ** → છોકરાઓ, છોકરીઓ

## ૬. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

ૐ૧ છોકરાઓ અને છોકરીઓના ગુજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

ૐ૨ પૂર્વ વિસ્તારના અને પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

ૐ૩ પૂર્વ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના ગુજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

ૐ૪ પશ્ચિમ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના ગુજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

## ૭. અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ હતી.

૧) પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓમાંથી માત્ર ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પૂરતું સીમિત રાખવામાં આવે છે.

૨) પ્રસ્તુત અભ્યાસ ગુજરાતી માધ્યમની શાળાઓ પૂરતો મર્યાદિત છે.

## ૮. અભ્યાસનું વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસિકાએ વિષયને અનુરૂપ તેમજ સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેરની ગુજરાતી માધ્યમની શાળાઓના ધોરણ-૯માં ચાલુ વર્ષે, એટલે કે ૨૦૧૯ - ૨૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને વ્યાપવિશ્વ તરીકે પસંદ કર્યા હતા. તેથી સમગ્ર અમદાવાદ શહેરમાં આવેલા ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ રહ્યું હતું.

## ૯. નમૂના પસંદગીની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરની બધી જ માધ્યમિક શાળાઓના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ હતું પરંતુ પ્રસ્તુત અભ્યાસ માટે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તાર બે

સ્તર પાડવામાં આવ્યા હતા. તેમાંથી બે - બે શાળાઓ યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવી હતી. પ્રત્યેક શાળામાંથી ધોરણ-૯ના બધાં જ વિદ્યાર્થીઓ ઝૂમખા પદ્ધતિથી નમૂના માટે પસંદ કરવામાં આવ્યા હતા. આમ, શાળા પસંદગી સ્તરીકૃત યાદચ્છિક રીતે અને વિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખા પદ્ધતિ દ્વારા કરી હતી.

## ૧૦. સંશોધન અભ્યાસનું ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસિકાએ ડૉ.સોનલ એન. ગુર્જર દ્વારા રચીત ગજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીનો ઉપયોગ કર્યો હતો.

## ૧૧. સંશોધન અભ્યાસની પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં સમૂહમાંથી વિપુલ પાત્રો પાસેથી અપેક્ષિત માહિતી મર્યાદિત સમયમાં મેળવવાની હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૧૨. શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસિકાએ વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. કે કેમ તે તપાસવા માટે પ્રાપ્ત માહિતીને ચલ અનુસાર વર્ગીકૃત કરી અને ‘t’-મૂલ્યની મદદથી ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી.

**સારણી : ૧**

**કુમાર અને છોકરીઓની ગુજરાતીભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ‘t’-મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂલ | ‘t’-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૧૦૦ | ૨૭.૬૮ | ૩.૨૨ | ૦.૪૫ | ૦.૭૩ |
| છોકરીઓ | ૧૦૦ | ૨૮.૦૧ | ૩.૧૬ | | |

**સારણી : ૨**

**પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓના ગુજરાતીભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ‘t’-મૂલ્ય**

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂલ | ‘t’-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| પૂર્વ | ૧૦૦ | ૨૮.૭૧ | ૩.૧૬ | ૦.૫૩ | ૨.૧૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પશ્ચિમ | ૧૦૦ | ૨૭.૬૦ | ૩.૧૦ | | |

**સારણી : ૩**

**પૂર્વ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની ગુજરાતીભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને 't'-મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂલ | 't'-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૫૦ | ૨૮.૫૭ | ૩.૩૫ | ૦.૭૬ | ૦.૩૮ |
| છોકરીઓ | ૫૦ | ૨૮.૮૬ | ૩.૦૦ | | |

**સારણી : ૪**

**પશ્ચિમ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની ગુજરાતીભાષા અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને 't'-મૂલ્ય**

| જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂલ | 't'-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| છોકરાઓ | ૧૦૦ | ૨૮.૨૬ | ૨.૫૫ | ૦.૭૩ | ૧.૮ |
| છોકરીઓ | ૧૦૦ | ૨૬.૯૪ | ૩.૪૮ | | |

## ૧૩. અભ્યાસનાં તારણો

- ☐ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પૈકી ૩૩% વિદ્યાર્થીઓ ગુજરાતીભાષામાં ઉચ્ચ અર્થગ્રહણ શક્તિ ધરાવે છે, જ્યારે ૪૭% વિદ્યાર્થીઓ મધ્યમ અને ૨૦% વિદ્યાર્થીઓ ગુજરાતીભાષામાં નિમ્ન અર્થગ્રહણ શક્તિ ધરાવે છે.
- ☐ ધોરણ-૯ ના વિદ્યાર્થીઓમાં છોકરાઓ અને છોકરીઓ ગુજરાતી ભાષામાં સરખી અર્થગ્રહણ ક્ષમતા ધરાવે છે.
- ☐ ધોરણ-૯ના પૂર્વ વિસ્તાર વિદ્યાર્થીઓ પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા ગુજરાતી ભાષા અર્થગ્રહણમાં ચઢીયાતા છે
- ☐ ધોરણ-૯ના પૂર્વ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની ગુજરાતી ભાષામાં સરખી અર્થગ્રહણ ક્ષમતા ધરાવે છે.
- ☐ ધોરણ-૯ના પશ્ચિમ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની ગુજરાતી ભાષામાં સરખી અર્થગ્રહણ ક્ષમતા ધરાવે છે.

## ૧૪. ઉપસંહાર

આ સંશોધનમાં ગુજરાતી ભાષા અર્થગ્રહણ ક્ષમતા અંગે બાળકોમાં રહેલી શક્તિઓને જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓની ભાષા અર્થગ્રહણ પર જાતિ અને વિસ્તારની અસર જોવા મળી હતી.

## સંદર્ભસૂચિ


- Good, C. V. (1977). **Educational Research and Training** (3rd Edition). New York : Merrilli Publishing Co.
- Sharma, R. N. (1993). **Methodology of Education Research.** New Delhi : Surjeet Publication.
- ઉચાટ, ડી. એ. (2009). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર**. રાજકોટ : શાંત પ્રકાશન.
- પટેલ, આર. એસ. (2009) **શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ**. અમદાવાદ : જય પબ્લિકેશન.
- શાહ, દીપિકા ભદ્રેશ (૨૦૦૪). **શૈક્ષણિક સંશોધન.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.